BAOU Education for All
NAAC A++
॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# અમદાવાદના સ્થાપત્યના વારસા રૂપ વાવો.

**ડૉ. સોનલ એલ.ચૌધરી**
**આસીસ્ટન્ટ પ્રોફેસર (ઈતિહાસ)**
**ડૉ.બાબાસાહેબ સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ**

**સારાંશ:** ઈતિહાસનો ભવ્ય વારસો સાચવીને બેઠેલી વાવોની બાંધણી અને કલાકૃતિ તત્કાલીન સમયની સામાજિક, આર્થિક અને ધાર્મિક સ્થિતિનું વર્ણન કરે છે.અમદાવાદના સ્થાપત્યોમાં હિંદુ અને મુસ્લિમ શિલ્પકલાનો અદ્દભૂત સમન્વય જોવા મળે છે. અમદાવાદમાં અડાલજની વાવ, દાદા હરીની વાવ, માતા ભવાનીની વાવ, જેઠાભાઈની વાવ, સિધ્ધાર્થ મણકીવાલાનાં પૂર્વજોએ બાંધેલી વાવ અને પાંચ કુવા દરવાજા પાસે આવેલી અમૃત વર્ષિણી વાવ સ્થાપત્ય કળાનાં ઉત્તમ નમૂના રૂપ છે. માતરભવાનીની વાવ જેવી સાધારણ વાવ કેટલીક છે.વર્ષો પૂર્વે બંધાવેલ વાવોને બંધાવનાર વ્યક્તિનો દ્રષ્ટિકોણ અને માનસિક અભિગમ પણ અહીં છતો થાય છે. આવા સ્મારકોનું જતન કરવું એ આપણી નૈતિક ફરજ છે.

**કી વર્ડ** : વારસો ,વાવ, સ્થાપત્ય, અડાલજની વાવ, દાદા હરીની વાવ, માતા ભવાનીની વાવ, જેઠાભાઈની વાવ, બાંધણી અને કલાકૃતિ

**વિષય પ્રવેશ:**

બે કેવળ વિરોધી તત્વોને એક કરી સુંદર અને અદ્દભુદ સ્થાપત્ય ઉત્પન્ન કરવા માટે અમદાવાદ અનેરું સ્થાન ભોગવે છે. ગુજરાતી કારીગરોની દક્ષતા કેવળ મંદિર, મસ્જિદ, તોરણ કે મિનારા પરંતુ જ ન રહી. પરંતુ સાધારણ જરૂરિયાતવાળા સ્થળો, કુવા, તળાવોની તથા વાવોની બાંધણીમાં પાણી સુધી પગથિયા કરી પહોંચી શકાય. તેવા કરી તેને અલંકારથી શણગારવાની રીત ગુજરાતમાં ઘણા જૂના કાળથી ચાલતી હતી. વાવ અને તળાવમાં ગરનાળામાં બાંધકામની મજબૂતાઈ સિવાઈ કાંઈ ખાસ અલંકારની જરૂર હોતી નથી, છતાં એમાં પણ અપૂર્વ કારીગરી ભરેલી છે. ઈ.બી. હાવેલ લખે છે કે રોજ પાણી ભરવા આવનારને માટે સંસ્કારોનો આ કેવો ખજાનો કરેલો છે!

વાવ તો ગુજરાતની વિશેષતા છે. વાવો હાલ કોઈ બંધાવતું નથી. પણ સ્થાપત્યનાં ઇતિહાસમાં એનું સ્થાન ઓછું નથી. વાવ બંધાવવાનો મૂળ ઉદ્દેશ પ્રજાની સુખાકારી માટે અતિ ઉપયોગી એવા જલ ભંડારો બંધાવવાનો હતો. વાવની રચના જનકલ્યાણ માટે થતી. તેનો મૂળ હેતુ પાણીના પુરવઠાનો હતો. માત્ર માણસો જ નહિ, પશુ-પક્ષીઓ પણ વાવનું પાણી પીતા. વળી ખેતીવાડી માટે સિંચાઈનું પાણી પહોંચાડવા માટે પણ વાવનો ઉપયોગ થતો હતો. વાવનાં પગથીયા પર બેસીને મુસાફરો હવાની શીતલ

લહેર માણતા. નૈસર્ગિક તત્વો મિશ્રિત વાવનું પાણી ખેતીવાડીમાં લેવાથી ઉત્તમ ગુણવતા ધરાવતા ધાન્ય અને ફળો પ્રાપ્ત થતાં હતા.

રાજવલ્લભ નામના સ્થાપત્યનાં ગ્રંથના ચોથા અધ્યાયમાં લખ્યું છે કે એક મુખની ત્રણ કૂટની વાવ 'નંદા' કહેવાય છે, બે મુખની છ કૂટવાળી વાવ 'ભદ્રા' કહેવાય અને ત્રણ મુખની નવ કૂટવાળી વાવ 'જયા' કહેવાય છે અને ચાર મુખની વાવ તે 'વિજયા' કહે છે.

અમદાવાદમાં અડાલજની વાવ, દાદા હરીની વાવ, માતા ભવાનીની વાવ, જેઠાભાઈની વાવ, સિધ્ધાર્થ મણકીવાલાનાં પૂર્વજોએ બાંધેલી વાવ અને પાંચ કુવા દરવાજા પાસે આવેલી અમૃત વર્ષિણી વાવ સ્થાપત્ય કળાનાં ઉત્તમ નમૂના રૂપ છે. માતરભવાનીની વાવ જેવી સાધારણ વાવ કેટલીક છે. દાદા હરિની વાવ ભદ્રા જાતની છે. અડાલજની વાવ જયા જાતની છે પણ તેને નવ કૂટ નથી. ચોથી જાતની વાવ અમદાવાદમાં નથી. વાવના ખેંડ ઉપરના થાંભલા ઉપરની દેહરીને કૂટ કહે છે.

1. અડાલજની વાવ :

અમદાવાદથી ૧૮ કિમી દુર આવેલી વાવ જેને અડાલજની વાવ કે રૂડાબાઈની વાવ તરીકે ઓળખવામાં આવે છે. સ્થાપત્ય કલા અને સંસ્કૃતિના ઉત્તમ નમૂના સમી આ વાવ વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. ઈ.સ. ૧૪૯૮માં રાણા વીર સિંહે પોતાની અત્યંત સ્વરૂપવાન પોતાની પત્ની રૂપબાને ભેટ આપવા વાવ બંધાવાની શરૂઆત કરી હતી, પણ એક યુદ્ધમાં તેનું મોત નીપજતા આ વાવ અધુરી રહી ગઈ. ત્યારબાદ મહંમદ બેગડો રૂપબાના રૂપથી મોહિત થઈને તેમની સામે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. રૂપબાએ જવાબમાં અધુરી વાવને પૂરી કરી આપવાનું વચન લીધું. જે મહંમદ બેગડાએ ૧૪૯૯માં પૂરું કર્યું. પરંતુ રૂપબા પતિવ્રતા નારી હતા. આથી તેમને બેગડા સાથે લગ્ન ન કરવા પડે એ માટે વાવમાં ઝંપલાવી પોતાની જાનનું બલિદાન આપી દીધું. આવી અલગ-અલગ પાંચ કહાનીઓ આ વાવ સાથે સંકળાયેલી હોવાનું મનાય છે. આ વાવનાં નિર્માણમાં તે સમયના અંદાજે ૫ લાખ રૂપિયાનો ખર્ચો થયો હતો. આ વાવના સ્થપતિ શ્રીમાળી જ્ઞાતિના ભીમના દીકરા મારન હતા.

રાણા વીરસિંહ અને મહમૂદ બેગડાના સ્વપ્ન સમાન આ અડાલજની વાવ હિન્દુ-મુસ્લિમ શિલ્પકળાનો અદ્દભૂત સમન્વય છે. જેમાં કલ્પવૃક્ષથી માંડીને ફૂલ, પાંદડા, કળીઓ, વેલ, માછલી, પક્ષીઓ, પ્રાણીઓ જેવી અદ્દભુત આકૃતિઓ કંડારવામાં આવી છે. પાંચ માળની આ વાવના દરેક માળે દરેક દીવાલો, ગોખલા અને થાંભલા ઉપર બેનમુન કોતરકામ જોવા મળે છે. મંડપ અને પરિસરમાં હિન્દુ ધર્મની પૂજા, લગ્નવિધિ જેવી પ્રથાઓ અને પ્રણાલીઓના પ્રતિબિંબ સમું સ્થાપત્ય જોવા મળે છે. ૩ ઇંચના હાથીથી લઇ પાણીના કુંજા, નવ ગ્રહો, ભિતચિત્રો, નૃત્યાંગનાઓ અને નાટ્યકલાની અવનવી મુદ્રાઓ આલેખાયેલા છે.

ચુના-પથ્થરની નિર્મિત આ વાવની કુલ લંબાઈ ૨૫૧ ફૂટ છે, જયારે ઉત્તર દિશામાં આવેલા કુવાની ઉંડાઈ ૫૦ ફૂટ જેટલી છે. અષ્ટ કોણીય આકાર ધરાવતી આ વાવમાં કૂવો અને તેના પર પડતા તમામ માળના ઝરુખા અષ્ટકોણીય છે. જમીન ઉપરની કુવાની બંને બાજુ ગોળ ફરતી નિસરણી છે, જે સીધી જ કુવા પર પહોંચાડે છે. આ બંને નિસરણીઓની ઉપર જમીન પર ચાર થાંભલાની છત્રી બાંધવામાં આવેલી

છે. કૂવો ઉપરથી આકાશ તરફ ખુલ્લો છે. વાવની પાછળના ભાગમાં મસ્જીદ અને મક્બરાની બે અલગ-અલગ ઈમારતો આવેલી છે. મસ્જિદમાં બહારની બાજુ પડતો ઝરૂખો ખૂબ જ સરસ નકશી કામ ધરાવે છે. અડાલજની વાવ હિંદુએ બંધાવી છે, એટલે એમાં અલંકાર વધારે છે. અહીં પગથિયા દ્વારા ૫૦ ફૂટ ઉંડા પાણીના કૂવા સુધી પહોંચાય છે, જયારે પશુને પાવા માટે તથા સિંચાઈને લગતા માટે ૧૭ ફૂટ વ્યાસના ગોળ કુવામાંથી ગરગડી દ્વારા પાણી ખેંચી શકાય તેવી વ્યવસ્થા છે. ઈજનેરી કૌશલ્ય ઉપરાંત આધ્યાત્મિક ભાવ ઉપજાવતી આ વાવ પર માતાજીનું સ્થાનક સ્થાપિત છે. જેમાં પૃથ્વીના ગર્ભમાં જવાના ભાગરૂપે વાવના ગોખમાંથી માતાજી, ત્રિશુળ, વાવ, ગાગર વગેરે અને છેક છેવાડેના કુવાની દીવાલ પરનું ગણેશજીનું શિલ્પ દેખાય છે, આધ્યાત્મીક ભાવના સાથે કટલાક કુટુંબમાં નવ દંપતીને ફલદ્રુપતાના આર્શીવાદ લેવા વાવમાં દર્શન અર્થે લાવવામાં આવે છે.

આમ, પાંચસો વર્ષ પહેલા બંધાયેલી આ ઈમારત ધરતીકંપ, પૂર જેવી કુદરતી હોનારતો સામે અડીખમ ઉભી રહી છે.

2. દાદા હરિની વાવ :

અસારવાના શાંત પડોશમાં કોટવાળા અમદાવાદ શહેરની ઉત્તર-પૂર્વમાં શાંત નિવાસી વિસ્તાર અને કોલસાના યાર્ડની વચ્ચે એક નાનકડી શેરીમાં દાદા હરિરની કે દાદા હરિની વાવ આવેલી છે. આસરવા વિસ્તારમાં આવેલી માતા ભવાનીની વાવથી તદ્દન નજીકમાં લગભગ ૫૦૦-૭૦૦ મીટર દૂર દાદા હરીરની વાવનું નિર્માણ થયેલું છે. આ વાવ માતા ભવાનીની વાવથી ઘણી મોટી તેમજ મોટા વિસ્તારમાં આવેલી છે.

દાદા હરિરની કે દાદા હરિની વાવ તરીકે જાણીતી આ વાવ સુલતાન મહંમદ બેગડાના સમયમાં બાંધવામાં આવેલી હતી. ઈ.સ. ૧૪૫૮-૫૯ થી ઈ.સ. ૧૫૧૧ સુધીના ૫૪ વર્ષના સમયગાળામાં અમદાવાદની ગાદી પર શાસન કરવા વાળો સુલતાન મહંમદ બેગડો, તેના સમયમાં ઈ.સ. ૧૪૫૮માં આ વાવનું બાંધકામ કરવામાં આવ્યું હતું. એક જીવકથા કે દંતકથા પ્રમાણે "આ વાવ સુલતાન મહંમદ બેગડાના અંતઃ પુરની વગદાર સ્ત્રી બાઈ હરીરે રૂા. ૧,૫૮,૪૦૦ ખર્ચીને ઈ.સ. ૧૪૯૯માં બંધાવેલી. આ બાઈ મહંમદ બેગડાના કુટુંબમાં ઘરની દેખરેખ રાખતી અને તમામ ગૃહકામ તેના હસ્તક હતું. શાહી જનાનખાના (સ્ત્રી સમુદાયનો આવાસ જે ઓઝલમાં રહેતી હોય છે.) ના વડા તરીકે બાઈ હરિર સુલતાની દ્વારા આ વાવ, મસ્જિદ તેમ જ મકબરો બંધાવવામાં આવ્યો છે. આ મકબરામાં તેને દફનાવવામાં હરિપૂર નામનું પરું વસાવ્યું હતું. અસલમાં બાઈ હરિર હિંદુ હતી. તે વટલાઈને મુસલમાન થઇ હતી.

સમગ્ર સ્થાપત્યમાં વાવ, મસ્જિદ અને મકબરાનો સમાવેશ થાય છે. રસ્તા પરથી પ્રવેશીએતો પહેલા વાવમાં જવાનો પ્રવેશ આવે છે. આ પ્રવેશની બાજુમાં કેડી-રસ્તો વાવની પાછળ રહેલી મસ્જિદ અને મકબરા તરફ જાય છે. વાવ, પૂર્વ-પશ્ચિમ દિશામાં પથરાયેલી છે. પૂર્વમાં પ્રવેશદ્વાર પર વિશાળ છત્રી બાંધવામાં આવેલી છે. ત્યાંથી પગથીયા ઉતરીને પશ્ચિમમાં રહેલા કૂવા સુધી જવાય છે. તે પાંચ માળની અને તેની ઉપર પાંચ મંડપ બાંધવામાં આવેલ છે. જમીનની પ્રથમ પગથીયાથી છેક નીચે કૂવા સુધીના ઉતરવાના પગથિયાની પહોળાઈ એક સરખી રહે છે. સીડીઓ અને સ્તંભો છેક ઉંડે કેટલાક મજલાઓ સુધી

જતા દેખાશે. જ્યાં સુંદર કોતરણીઓ પર તેમજ સૂર્યના કિરણો પડતાં તેની સુંદરતા નીખરી ઉઠે છે. પાંચ માળની ઉંડાઈ ધરાવતી આ વાવ અંદર તરફથી શિલ્પકારી ગીરીવાળા ઘણા બધા સ્તંભો પર રહેલી છે. દરેક માળ પર ઘણી જગ્યા રાખવામાં આવી છે, જેથી, ઘણા લોકો એક સાથે ભેગા થઇ શકે. દરેક માળ પર હવાની અવર જવરની પૂરતી વ્યવસ્થા કરવામાં આવેલી છે. મુખ્ય પ્રવેશદ્વારની છત્રી ઉપરાંત જમીન પર વાવના પગથિયાની કુલ લંબાઈની મધ્યમાં, બે નાના ચંદરવા જેવી છત્રીઓ  પગથીયાની બંને બાજુએ બાંધેલી છે, જ્યાંથી વાવમાં અધવચ્ચે નાની ગોળ પગથિયાંથી ઉતરી શકાય છે. આમ વાવમાં જમીનની સપાટીથી મુખ્ય પ્રવેશદ્વાર સહિત ત્રણ નિસરણીઓથી નીચે જવાય છે. તે આ વાવની આગવી લાક્ષણીકતા છે. વાવમાં નીચે ઉતરતા દીવાલ પર તમામ પ્રકારની કોતરણીઓમાંથી કેટલીક સંસ્કૃતમાં છે, તો કેટલીક અરબીમાં છે. દાદાહરિની વાવમાં અલંકાર વાપર્યા છે, પણ મુસલમાનોનાં મકાનો જેવી સાદાઈ જળવાઈ છે.

વાવનો ઉપયોગ શાહી જનાનખાના દ્વારા કરવામાં આવતો હતો. ૫૦૦ વર્ષ પહેલા સુલતાન બાઈ હરિરએ બંધાવેલી આ વાવ પાણીનો કાયમી સ્રોત પૂરો પાડવામાં ભૂર્ગભમાં વ્યાપક કારીગરી અને બાંધકામ ધરાવતી ગુજરાતની અન્ય વાવો જેવી જ છે. પવિત્ર અને મુલ્યવાન એવી આ વાવ  હિંદુ અને ઈસ્લામીક સ્થાપત્યનો ઉતમ નમુનો છે, તેના શિલ્પ અને સ્થાપત્યમાં જોનારને હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિનો સમન્વય થતો દેખાય છે.

**3. માતા- ભવાની (માતર ભવાની) ની વાવ** :

અમદાવાદના આસરવામાં આવેલી ૯૦૦ વર્ષ જૂની માતરભવાનીની વાવનું બાંધકામ ૧૧મી સદીમાં સોલંકી વંશના મહાન શાસક સિધ્ધરાજ જયસિંહના શાસનકાલ (ઈ.સ. ૧૦૯૪-૧૧૪૩) દરમ્યાન થયું હતું. તે ભારતમાં હાલમાં શરૂઆતની વાવોમાંથી સચવાયેલ વાવોમાની એક વાવ છે, અમદાવાદનું સ્થાપત્ય, એનો ઈતિહાસ અને સામાન્ય રૂપરેખામાં રત્ન મણીરાવ ભીમરાવે આલેખ્યું છે કે "અમદાવાદમાં એના વસ્યા પહેલાનું બધું નાશ પામ્યું પણ માતરભવાનીની વાવ રહી."

ગુજરાતી શબ્દ "માતા, સંસ્કૃત શબ્દ 'માત્રુ' તથા 'માતર' માંથી વ્યુત્પતિ પામ્યો છે. આ વાવનો સાંસ્કૃતિક ઈતિહાસ ખાસ નોંધપાત્ર છે. ભવાની માતા પાર્વતીનું સ્વરૂપ છે. દુર્ગા, અંબા, કાલી, પાર્વતી, લક્ષ્મી અને સરસ્વતી માતા સ્ત્રી શક્તિના પ્રતીકો છે. માતા ભવાની પ્રકૃતિનું એવું સ્વરૂપ છે જેનાથી સર્જનાત્મક ઉર્જા પેદા થાય છે, તેની એક વિશેષતા એ છે કે તે વિકરાળ સ્વરૂપ પણ ધરાવે છે અને દયા તથા કરુણાની મૂર્તિ પણ બની શકે છે, તે 'કરુણાસ્વરૂપી' તરીકે ઓળખાય છે.

આજે તો આસરવા અમદાવાદનો માનવ પ્રવૃત્તિથી ધબકતો એક વિસ્તાર છે, પણ એક સમયે અમદાવાદ શહેર જયારે ભૌગોલિક દ્દષ્ટિએ બહુ વિસ્તાર પામ્યું ન હતું ત્યારે અસારવા તેની સમીપમાં આવેલું ગામડું હતું હકીકતમાં તો ૧૪૧૧ માં અમદાવાદ વસ્યું તે પહેલાનું આ ગામ છે. અડાલજ, ઇસનપુર, અસારવાર, વેજલપુર, બારેજા, વસ્ત્રાલ અને નરોડા કોટ વિસ્તારની બહાર આવેલા ફોજદારી તાબાના ગામડાઓ હતા.

દાદા હરિની વાવથી થોડેક દુર આવેલી માતા ભવાની/માતર ભવાનીની વાવ ૪૬ મીટર લાંબી અને પ્રવેશદ્વાર ૫.૧ મીટર પહોળી છે અને કૂવાનો વ્યાસ (ડાયામીટર) ૪.૮ મીટર છે. તેનો સ્તંભો, મૂર્તિઓ

અને ઈમારતનો આગળનો ભાગ (શમીયાનો) નકશી કામગીરીથી ભરેલો છે. પગથીયાઓ પણ નમુનેદાર છે. ત્રણ માળની આ વાવનો ગોખ આકર્ષણ છે વાવમાં બહુમાળી ઝરૂખાઓ અને પગથીયાઓ પછી પાણી મળે છે. આ ઝરૂખાઓ પૂર્વ-પશ્ચિમ ધરી પર આવેલા છે. થાંભલાઓ, ખુણાઓ અને ધરીઓ આ વાવની કળાનો ઉત્તમ નમુનો છે. ઘણા સમય પછી હિંદુ દેવી ભવાનીનું નાનું મંદિર નીચલા ઝરૂખામાં બનાવવામાં આવ્યું હતું. જેના પરથી વાવનું નામ પડ્યું હતું. ભારતમાં હાલમાં શરૂઆતની વાવોમાંથી સચવાયેલી વાવોમાંની એક આ વાવે અનેક મુસાફરો તેમજ સ્થાનિક રહેવાસીઓને પાણીનો પુરવઠો પૂરો પાડ્યો હતો. માતા ભવાનીની વાવ આજે પણ જીવંત છે.

4. **અમૃતવર્ષીની વાવ** ;

અમદાવાદમાં પાંચ કૂવા દરવાજા પાસે કોટની દીવાલને અડીને આવેલી અનોખી અમૃતવર્ષીની વાવનું બાંધકામ ૧૭મી સદીમાં થયેલ છે. રક્ષિત સ્મારક તરીકેની કક્ષામાં સમાવેશ કરેલ અમૃતવર્ષીની વાવનું સંપૂર્ણ રીતે તેનું રેટ્રો ફીટીંગ કરવામાં આવેલું છે. આ વાવ કાટખુણી વાવ તરીકે પણ ઓળખાય છે. પશ્ચિમાભીમુખ વાવનાં પગથિયા ઉતરતા પ્રથમ કૂટના અંતિમ પરથારની દીવાલ પર ડાબી બાજુએ સં. ૧૭૭૯, માઘ વદી ૫, ગુરુવાર (૧૪ ફેબ્રુ. ઈ.સ. ૧૭૨૩) નો સંસ્કૃત લેખ અને તેની સામેની દીવાલ પર હિજરી સન ૧૧૩૫ (ઈ.સ. ૧૭૨૩) નો ફારસી લેખ કોતરેલો છે. લેખમાં જણાવ્યા અનુસાર ક્ષાત્ર ગોકુલના પૌત્ર અને ભગવાનમાં પુત્ર મહારાજધિરાજ, ક્ષત્રિયકુલતિલક રઘુનાથદાસે ગુર્જરનગરમાં વિશ્વોપકાર માટે પીયુષવર્ષિણી વાવ કરાવી. એક પ્રવેશ દ્વારવાળી આ વાવની પડથારની સામ-સામેની દીવાલોમાં જોવા મળતા સંસ્કૃત અને ફારસી આલેખ પ્રમાણે આ વાવ રઘુનાથદાસે બંધાવી હતી. આ રઘુનાથદાસ તે સમયના મોગલ સુબા હૈદર કુલીનખાનના અંગત દિવાન હતા.

આ વાવ તેની ઓછી કોતરણી અને અંગ્રેજી એલ (L) આકારના અને સરળ બાંધકામ માટે જાણીતી છે. તેમાં ત્રણ માળ આવેલા છે અને ૫૦ ફીટ કરતાં વધુ ઉંડી છે. બાહ્ય માળની કમાનો આકાર અન્ય બે માળ કરતાં અલગ છે. વાવના કૂવા સાથે સંલગ્ન બે માળના કૂટની તેમજ કાટખૂણે વળે છે તે પડથાર પહેલાની સમગ્ર રચના અને ભૌમિતિક અંકના વચ્ચેની સમગ્ર રચના અને ભૌમિતિક અંકના વચ્ચેની ભિન્નતા નોંધપાત્ર છે. વાવના ઉપર નીચેના મંજલાની ઉંચાઈ અને પ્રમાણ જાળવતી બે જુદા પ્રકારની કમાનોનું પ્રયોજન ધ્યાનાકર્ષક છે. આવું અનોખું શિલ્પ સ્થાપત્ય ધરાવતી આ એક માત્ર વાવ છે. તેની બાંધણી, જુદા-જુદા પ્રકારની શિલ્પ કારીગરી, દ્રવિડ ભાષામાં આલેખાયેલો ઈતિહાસ વગેરે બાબતો ખુબ જ મનમોહક અને બીરદાવનારી છે. રક્ષિત સ્મારક તરીકેની કક્ષામાં મહત્વનું સ્થાન પામેલ આ વાવ આજની કલારસિક પ્રજાએ આવા સ્મારકોની મુલાકાત લઇ ઐતિહાસિક વારસાને જાળવી રાખવાની પ્રેરણા આપે છે.

5. **જેઠાભાઈની વાવ** :

અમદાવાદના ઇસનપુર વિસ્તારમાં આવેલ આ વાવ ૨૧૦ ફીટ લંબાઈ અને ૨૧-૨૨ ફીટ પહોળાઈ ધરાવે છે. આ વાવનું બાંધકામ જેઠાભાઈ મુળજીએ આશરે ૧૮૬૦ના દાયકામાં કરાવેલું હતું. વાવ માટે સામગ્રી મેળવવા માટે, તેણે શાહઆલમના માલિક પાસેથી મલિક આલમ તરીકે ઓળખાતી મસ્જિદનો રૌઝા

ખરીદ્યો અને અમદાવાદના સ્વર્ગસ્થ કાઝી હસન-ઉદ્-દીન પાસેથી તેણે રાજાપુર-હિરપુરમાં નેનપુરવાડા મસ્જિદ ખરીદી. 'સ્ટેપવેલ્સ ઓફ ગુજરાત- ઈન આર્ટ-હિસ્ટોરિકલ પર્સપેક્ટિવ' નામના પુસ્તકમાં લખવામાં આવ્યું છે કે, દાદા હરિરની વાવની જેમ જેઠાભાઈની વાવમાં પણ પ્રવેશદ્વાર પાસે કોર્બલ સિસ્ટમ છે. બુકમાં જણાવવામાં આવ્યું છે કે, વાવના અમુક ભાગો તો વાવ કરતા પણ વધારે પ્રાચીન છે. આ વાવમાં ચાર ઝરૂખાઓ છે અને પ્રવેશદ્વારનો ઝરુખો આવરણ કરેલ બાંધકામથી સુશોભિત છે. પ્રવેશ મંડપ છત્રવાળું છે. ઇ.સ. ૨૦૧૭-૧૮માં આ વાવનું સમારકામ ભારતીય પુરાતત્વ ખાતાં વડે કરવામાં આવ્યું હતું.

***<u>સમાપન:</u>*** અડાલજની વાવ, દાદા હરીની વાવ, માતા ભવાનીની વાવ, જેઠાભાઈની વાવ, સિધ્ધાર્થ મણકીવાલાનાં પૂર્વજોએ બાંધેલી વાવ અને પાંચ કુવા દરવાજા પાસે આવેલી અમૃત વર્ષિણી વાવ આ બધા સ્થાપત્ય કલાના અદ્ભુત નમૂનાઓને લીધે જ યુનેસ્કો તરફથી અમદાવાદને વર્લ્ડ હેરિટેજ સિટીનું બિરુદ આપવામાં આવ્યું છે. પેહલાના સમયમાં બંધાયેલ આ વાવો પ્રજાને પાણીનો પુરવઠો પૂરો પાડવાની સાથે તે સમયની કલા કારીગરી સાથે એનો સાંસ્કૃતિક વારસો પણ ત્યાં ધબરાયેલ પડ્યો છે,અહીની કલામાં છુપાયેલ ત્યાનો સામાજિક અને આર્થિક ઉત્કર્ષ જોવા મળે છે. આ રક્ષિત સ્મારક તરીકેની કક્ષામાં મહત્વનું સ્થાન પામેલ આ વાવો  આજની કલા રસિક પ્રજાએ આવા સ્મારકોની મુલાકાત લઇ ઐતિહાસિક વારસાને જાળવી રાખવાની પ્રેરણા આપે છે.

**સંદર્ભસૂચી**:


1. ભીમરાવ રત્નમણીરાવ, અમદાવાદનું સ્થાપત્ય-એનો ઈતિહાસ અને સામાન્ય રૂપરેખા, ગુર્જર ગ્રંથરત્ન, કાર્યાલય, અમદાવાદ, દ્રિતીય આવૃત્તિ, ૨૦૧૦.
2. http://wikipedia.org
3. http://shreinindia
4. gujarati.webdunia
5. www.zigya.com
6. www.gujaratsamachar.com
7. http://sureshjani.wordpress.com
8. http://www.indiawaterportal.org/
9. https://heritageofahmedabad.com/jethabhais-stepwell/